ખેલૈયાઓ પાસેથી હજારો રૂપિયાના પાસ વસૂલાતા વિરોધ : સ્થાયી સમિતિએ નિર્ણય મ્યુ. કમિશનર પર છોડ્યો

# કોર્પોરેશનના રૂા.1ના ટોકન ભાડાના પ્લોટ પર આયોજકોની કરોડોની કમાણી, ગરબા મહોત્સવ માટે 23 પ્લોટ ફાળવાયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરામાં નવરાત્રી ઉત્સવ નજીક આવતાં જ વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગરબાના આયોજન માટે પાલિકા માલિકીના ખુલ્લા પ્લોટોની ફાળવણી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પાલિકા દ્વારા વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓને ગરબા મહોત્સવ માટે માત્ર 1ના ટોકન ભાડાપટ્ટે આ કિંમતી જમીનો સોંપવામાં આવે છે. પરંતુ આ જ પ્લોટ પર આયોજકો ખેલૈયાઓ પાસેથી નવરાત્રીના પાસ પેટે અબજો-કરોડો રૂપિયાની વસૂલાત કરીને બમ્પર કમાણી કરી રહ્યા છે, જે સામે હવે ભારે વિરોધ અને ચર્ચા જાગી છે.
સ્થાનિકો અને ખેલૈયાઓમાં ઉઠેલા સવાલો મુજબ, પાલિકા પોતાની જમીન પ્રજાના હિતમાં સાવ મફતના ભાવે આપતી હોય ત્યારે આયોજકો ખેલૈયાઓ પાસેથી હજારો રૂપિયા ફી પેટે કેમ વસૂલી શકે? કથળેલી નાણાકીય સ્થિતિમાંથી પસાર થઈ રહેલી મહાનગરપાલિકા જો 1ના બદલે આ પ્લોટોનું કલાક મુજબ કે દિવસ મુજબ વ્યાજબી ભાડું નક્કી કરીને વસૂલે, તો પાલિકાની તિજોરીને કરોડો રૂપિયાની આવક થઈ શકે તેમ છે. અથવા તો બીજો વિકલ્પ એ રાખવો જોઈએ કે જે આયોજકો 1ના ટોકન ભાડે પ્લોટ મેળવે છે, તેઓ ખેલૈયાઓ પાસેથી પાસના નામે એક પણ રૂપિયો વસૂલી શકશે નહીં અને ખેલૈયાઓને મફતમાં રમવા દેવા પડશે.
તાજેતરમાં યોજાયેલી સ્થાયી સમિતિની બેઠકમાં નવરાત્રી મહોત્સવ માટેના પ્લોટ ફાળવણી અને ભાડા અંગેનો આખો નિર્ણય મ્યુનિસિપલ કમિશનર પર છોડી દેવામાં આવ્યો છે. આગામી નવરાત્રી પર્વને ધ્યાને રાખી પાલિકા માલિકીના 23 કોમન પ્લોટ નિયમાનુસાર 1ના ટોકન દરે ગરબા આયોજન માટે ફાળવવામાં આવ્યા છે.
સિંગલ અરજીવાળા 21 પ્લોટ સીધા મંજૂર કરાયા હતા, જ્યારે મલ્ટિપલ અરજીવાળા પ્લોટોની સમીક્ષા કરી નિર્ણય લેવાયો હતો. જે મુજબ કોલાબેરા પાછળનો પ્લોટ સંવેદન ચેરિટેબલ ટ્રસ્ટ અને જય અંબે ગરબા ગ્રાઉન્ડવાળો પ્લોટ શ્રી આરાસુરી મા ચેરિટેબલ ટ્રસ્ટને મંજૂર કરાયો છે. નવી અરજીઓ માટે નિર્ણય લેવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરને સોંપાઈ છે.




**12.73 કરોડના વિકાસકામોને લીલી ઝંડી**

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ માટે 12.73 કરોડથી વધુના ખર્ચે થનારા ૯ જેટલા અગત્યના પ્રસ્તાવોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી છે. અધ્યક્ષ વર્ષાબેન વ્યાસના જણાવ્યા અનુસાર, પાણી પુરવઠા, ડ્રેનેજ, આરોગ્ય અને બિલ્ડિંગ પ્રોજેક્ટ સહિતના વિવિધ વિભાગોના કામોને વેગ મળશે.૧)પશુ નિયંત્રણ & આરોગ્યરખડતા શ્વાન-ભૂંડના ખસીકરણ અને વેક્સિનેશન માટે 1.50 કરોડ.૨)વોર્ડ-18 પાણી લાઇનદક્ષિણ ઝોનમાં નવી પાણીની નળિકા નાખવાના કામને સ્વીકૃતિ.3)વરસાદી ગટર પ્રોજેક્ટવર્ષ 2027 સુધીના ઈજારામાં 2.50 કરોડનો નાણાકીય વધારો. ૪)હાઇટેક શૌચાલયપૂર્વ અને પશ્ચિમ ઝોનમાં કુલ 26 નવાં મોડેલ ટોયલેટ બનશે.૫)સાંસ્કૃતિક ભવન સફાઈસયાજી અને પંડિત દીનદયાલ નગરગૃહ માટે નવા સફાઈ ઈજારા.

બંને પક્ષના ત્રણ લોકો સામે ગુનો દાખલ

# કપાસના પાકમાં ઢોર ચરાવવા મુદ્દે સાયર ગામે બે જૂથ વચ્ચે અથડામણ

**એક પક્ષે લાકડાના** દંડાથી માર મારી જાનથી મારી નાખવાની ધમકીનો તો સામા પક્ષે કુહાડી ઝૂંટવી લઈ ફટકા માર્યાની ફરિયાદ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના સાયર ગામની સીમમાં નારેશ્વર નદીના ભાઠામાં ગોચરની જમીનમાં ઢોર ચરાવવા અને કપાસના પાકને નુકસાન થવાના મુદ્દે બે જૂથ સામસામે આવી ગયા હતા. બંને પક્ષ વચ્ચે બોલાચાલી બાદ મારામારી થતાં એક પક્ષે લાકડાના દંડાથી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ કરી હતી, જ્યારે સામા પક્ષે કુહાડી ઝૂંટવી લઈ માર માર્યાનો આક્ષેપ કર્યો છે. સમગ્ર મામલે વલણ પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.
સાયર ગામની સીમમાં નારેશ્વર નદી તરફ જવાના રસ્તા પાસે ગોચરની જમીનમાં ઢોર ચરાવવાના મુદ્દે વિવાદ થયો હતો. દિવ્યરાજસિંહ ઉર્ફે ભયલુ ભુપતસિંહ પરમારે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના ખેતરમાં વાવેલા કપાસના છોડ ઢોર ચરી જતા નુકસાન થયું હતું. આ અંગે તેણે ત્યાં ભેંસો ચરાવતા નટરવસિંહ ફુલસિંહ પરમાર સહિતના લોકોને પૂછપરછ કરી હતી. આ દરમિયાન નટરવસિંહે ગાળો બોલી લાકડાના દંડાથી બરડાના ભાગે બે ફટકા માર્યા હતા અને ધોલ-પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.
બીજી તરફ નટરવસિંહ ફુલસિંહ પરમારે નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, દિવ્યરાજસિંહ ઉર્ફે ભયલુ અને તેના પિતા ભુપતસિંહ છત્રસિંહ પરમારે ઢોર ચરાવવાના મુદ્દે તેની સાથે ઝઘડો કર્યો હતો. દિવ્યરાજસિંહે તેની પાસેની કુહાડી ઝૂંટવી લઈ કોણી નીચેના ભાગે તથા ખભા પાસે ફટકા માર્યા હતા, જ્યારે ભુપતસિંહે લાકડીથી માર મારી પગના ઘૂંટણ અને ઘૂંટી પાસે ઈજાઓ પહોંચાડી હતી. બંનેએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ છે. બંને ફરિયાદના આધારે વલણ પોલીસે સામસામે ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

લોખંડના સાધનથી ખાડા ખોદાવતા અકસ્માતનો ભય

# રાણેશ્વરમાં MGVCLની કામગીરીમાં મજૂરો દ્વારા સુરક્ષા સાધનો વિના ખોદકામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરાના રાણેશ્વર વિસ્તારમાં એમજીવીસીએલ દ્વારા કોન્ટ્રાક્ટરને વીજ પોલ લગાવવાની કામગીરી સોંપવામાં આવી છે. કોન્ટ્રાક્ટર દ્વારા ચોકડી પરથી મજૂરો લાવી ખાડા ખોદાવવાની કામગીરી કરાવવામાં આવી રહી છે. પરંતુ ગંભીર બાબત એ છે કે કામગીરી દરમિયાન મજૂરોના હાથમાં હેન્ડ ગ્લોઝ સહિતના જરૂરી સુરક્ષા સાધનો જોવા મળ્યા નથી. મજૂરો લાંબા લોખંડના સાધનો વડે ખાડા ખોદી રહ્યા છે, જ્યારે જમીનની નીચે વીજળીના ભારે કેબલ પસાર થઈ રહ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. આવી સ્થિતિમાં જો લોખંડનું સાધન અંડરગ્રાઉન્ડ વીજ કેબલના સંપર્કમાં આવે તો ગંભીર અકસ્માત કે જાનહાનિ થઈ શકે છે. સવાલ એ છે કે શું માત્ર થોડા રૂપિયાની મજૂરી માટે મજૂરોના



જીવને જોખમમાં મૂકવામાં આવી રહ્યા છે? વડોદરા શહેરમાં અગાઉ પણ વીજળી અને ગેસ લાઈનની કામગીરી દરમિયાન અકસ્માતોમાં જાનહાનિના કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે હવે સવાલ એ છે કે વીજ કંપની દ્વારા કોન્ટ્રાક્ટરને કામ સોંપ્યા બાદ કામદારોની સલામતીની જવાબદારી કોની છે. શું એમજીવીસીએલના જવાબદાર અધિકારીઓ દ્વારા સ્થળ પર સુરક્ષા વ્યવસ્થાની તપાસ કરવામાં આવે છે? અને જો નિયમોનું પાલન ન થતું હોય તો કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી?
મજૂરની જિંદગીની કિંમત માત્ર રૂ.700ની મજૂરી નથી, સુરક્ષા નિયમોનું પાલન કરાવવાની જવાબદારી તંત્રની પણ છે.

બે યુવકોને ઘેરીને ફટકાર્યા : વીડિયો વાયરલ

# છાણી જકાતનાકા પાસે જાહેરમાં યુવકો વચ્ચે છૂટા હાથની મારામારી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ દિવસેને દિવસે વધી રહ્યું હોય તેવા દ્રશ્યો ફરી એકવાર સામે આવ્યા છે. છાણી જકાતનાકા પાસે જાહેરમાં થયેલી છૂટા હાથની મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો છે, જેને લઈને સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે.
છાણી જકાતનાકા પાસે આવેલા અમર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજના મુખ્ય ગેટ બહાર જ આ ઘટના બની હતી. બે યુવકો ત્યાંથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક કેટલાક યુવકોનું ટોળું ત્યાં ધસી આવ્યું હતું અને બંને યુવકો પર તૂટી પડ્યું હતું. જોતજોતામાં બંને જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ છૂટા હાથની મારામારી શરૂ થઈ ગઈ હતી. ગેટ બહાર જ લાતો અને મુક્કાનો વરસાદ વરસાવવામાં આવ્યો હતો, જેનો વીડિયો ત્યાં હાજર કોઈએ મોબાઈલમાં



કેદ કરી લીધો હતો. આ સમગ્ર બબાલ કોલ્ડ સ્ટોરેજના ગેટ પાસે જ થઈ રહી હોવાથી ફરજ પર હાજર સિક્યુરિટી ગાર્ડ દોડી આવ્યો હતો અને ભારે જહેમત બાદ બબાલ કરી રહેલા યુવકોને ત્યાંથી ખદેડીને મામલો શાંત પાડ્યો હતો. ત્યારબાદ બંને જૂથો ત્યાંથી નાસી છૂટ્યા હતા. નોંધનીય છે કે, છેલ્લા કેટલાક દિવસોમાં શહેરના અલગ-અલગ વિસ્તારોમાં જાહેરમાં મારામારીના બનાવો સામે આવી રહ્યા છે.

અજાણ્યા શખ્સે ઝાડ નીચે દીવો સળગાવતાં જ આગ ભભૂકી

# વડોદરાના વેમાલીમાં ખોદકામ સમયે ગેસ લાઈન લીકેજ : દીવાથી ઝાડ ભડકે બળ્યું

ફાયર બ્રિગેડ અને ગેસ કંપનીની સમયસૂચકતાથી મોટી હોનારત ટળી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
સંસ્કારી નગરી વડોદરાના સમા વિસ્તારમાં આવેલ વેમાલી ગ્રીનવૂડ એપાર્ટમેન્ટ સામે જમીન નીચેથી પસાર થતી ગેસ લાઈનમાં અચાનક લીકેજ થવાની અને ત્યારબાદ નજીકના ઝાડમાં આગ ભભકી ઊઠવાની ગંભીર ઘટના સામે આવી છે.
મળતી વિગતો અનુસાર, વેમાલી ગ્રીનવૂડ એપાર્ટમેન્ટની સામેના ભાગે કોઈ કારણોસર જમીનનું ખોદકામ ચાલી રહ્યું હતું. આ ખોદકામ દરમિયાન જમીનની નીચેથી પસાર થતી ગેસની પાઈપલાઈનમાં અચાનક ક્ષતિ સર્જાતાં ગેસ લીક થવા લાગ્યો હતો. ગેસનો તીવ્ર પ્રવાહ બહાર નીકળી રહ્યો હતો તે દરમિયાન જ ગેસ લાઈનની નજીકમાં આવેલ એક ઝાડ નીચે કોઈ અજાણ્યા વ્યક્તિએ દીવો સળગાવ્યો હતો. દીવાની જ્યોતના સંપર્કમાં આવતાની સાથે જ લીક થયેલા વાયુએ ક્ષણભરમાં ભીષણ આગ પકડી લીધી હતી. જોતજોતામાં દીવાની જ્યોત ઝાડ સુધી પહોંચી ગઈ હતી અને આખું ઝાડ આગની લપેટમાં આવી ગયું હતું. ગેસ લાઈન લીકેજ અને ઝાડમાં આગ લાગવાની આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે દોડધામ તથા ભયનો માહોલ સર્જાયો હતો. ઘટના અંગે સ્થાનિકો દ્વારા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ફાયર ફાઈટરોની ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ વગર કોઈ વિલંબે પાણીનો મારો ચલાવીને ટૂંક જ સમયમાં આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવી લીધો હતો, જેનાથી સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.
આગ પર કાબૂ મેળવ્યા બાદ ફાયર વિભાગ દ્વારા ગેસ કંપનીના અધિકારીઓને આ બાબતે જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ ગેસ કંપનીની ટેકનિકલ ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. કંપનીના અધિકારીઓએ ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી ગેસ લાઈનમાંથી થતું લીકેજ બંધ કરવાની અને પાઈપલાઈનના રિપેરિંગની કામગીરી ત્વરિત ધોરણે હાથ ધરી હતી. ફાયર બ્રિગેડ અને ગેસ કંપનીની ટીમોએ દાખવેલી તત્પરતા અને સમયસૂચકતાને કારણે એક મોટી દુર્ઘટના ટળી હતી.

સિયારામ ટ્રેડર્સના નામે લોન લઈ યુનિટ બંધ કરી દેવાનો આક્ષેપ

# છેતરપિંડીના કેસમાં મહિલાના આગોતરા જામીન નામંજૂર

**તપાસમાં સહકાર** જરૂરી હોવાનું કોર્ટનું અવલોકન

**આગોતરા જામીન** આપવાથી તપાસને અસર થઈ શકે તેવી શક્યતા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
જવાહરનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજોના ગુનામાં આરોપી નેહાબેન મીતલકુમાર ગજરની આગોતરા જામીન અરજી વડોદરાની 13મી એડિશનલ સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી જુદી જુદી લોન મેળવવા માટે બનાવટી સ્ટોક સ્ટેટમેન્ટ, બીલ અને અન્ય દસ્તાવેજો રજૂ કરી બેંકને રૂ.1.45 કરોડથી વધુનું આર્થિક નુકસાન પહોંચાડ્યાનો આક્ષેપ કરાયો છે. એમા વિગત એવી છે કે સિયારામ ટ્રેડર્સના નામે રૂ.12.30 લાખની ટર્મ લોન મેળવ્યા બાદ ધંધાનું યુનિટ બંધ રાખવામાં આવ્યું હતું અને સ્થળ પર લોનના હેતુસરની મશીનરી કે સાધનો મળી આવ્યા નહોતા. બેંક અધિકારીઓની તપાસમાં અગાઉ દર્શાવેલા સ્ટોકનો પણ અભાવ જણાયો હતો. આરોપી તરફથી દલીલ કરાઈકે લોનના વ્યવહારમાં ગુનાહિત ઈરાદો નહોતો અને મહિલા રકમ ભરવા તૈયાર છે. જોકે, તપાસ અધિકારીએ લોન વ્યવહાર, બીલો તથા નાણાંની હેરફેર અંગે પૂછપરછ જરૂરી હોવાનું જણાવ્યું હતું. કોર્ટે નોંધ્યું કે માત્ર હાઈપોથીકેશન એગ્રીમેન્ટના ભંગનો મામલો નથી, પરંતુ બનાવટી બીલો રજૂ કરી લોન મેળવ્યાનો ગંભીર આક્ષેપ છે. ગુનાની તપાસ ચાલુ હોવાથી આગોતરા જામીન આપવાથી તપાસને અસર થઈ શકે તેવી શક્યતા ધ્યાનમાં લઈ અરજી રદ કરવામાં આવી હતી.

# વૃદ્ધાની સોનાની ચેઈન આંચકી યુવક ચાલુ ટ્રેને કૂદી ગયો

વાપીઃ વાપી રેલવે સ્ટેશન પાસેથી પસાર થઈ રહેલી ટ્રેનમાંથી વૃદ્ધાનો અછોડો તોડી યુવક કૂદી પડ્યો હતો.
વલસાડ રેલવે પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વડોદરામાં રહેતા રાજેશ્વરી રાજેશભાઈ શર્મા (ઉ.વ.62) તા.8-9-26 ના રોજ માસી સાથે બોરીવલીથી વડોદરા આવવા ભગત કી કોઠી ટ્રેનમાં બેસી મુસાફરી કરતાં હતાં. તે દરમિયાન રાજેશ્વરી સૂઈ ગયા હતાં. વાપી રેલવે સ્ટેશન પસાર થયેલા ત્યારે ડબ્બામાં 20થી 22 વર્ષની ઉંમરના યુવકે ગળામાં પહેરેલી સોનાની ચેઈન ખેંચી તોડી ચાલુ ટ્રેનમાંથી કૂદી ગયો હતો. સોનાની ચેઈન વજન આશરે અઢી તોલા અને તેની કિંમત આશરે 2,50,000 આંકી હતી. તેઓએ આ બનાવ અંગે દિકરાને ફોન કરતાં તેઓએ ઓનલાઈન ફરિયાદ કરી હતી. આ બનાવ અંગેની ફરિયાદ રાજેશ્વરીએ વલસાડ રેલવે પોલીસ મથકમાં કરી હતી.

લગ્નજીવનના ૨૫ વર્ષ અને બે સંતાન હોવા છતાં પતિએ પર સ્ત્રી સાથે પ્રેમ સંબંધ બાંધ્યા

# પતિની લવ સ્ટોરીનો ભાંડો ફૂટતા પત્ની પાસે ભૂલ કબૂલી સુધરવાની તક માગી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
25 વર્ષનું લગ્નજીવન, બે સંતાનો અને વર્ષોથી ચાલતો પરિવાર પરંતુ અચાનક પતિના અન્ય મહિલા સાથેના કથિત પ્રેમસંબંધનો ભાંડો ફૂટતાં પત્નીના પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ હતી. પતિના સંબંધને લઈને લાંબા સમયથી પરેશાન પત્નીએ આખરે 181 અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ લીધી હતી. અભયમની ટીમે દંપતી વચ્ચે મધ્યસ્થી કરી પતિને પરિવાર, પત્ની અને સંતાનોની જવાબદારીનું ભાન કરાવતાં પતિએ પોતાની ભૂલ સ્વીકારી હતી. ત્યારબાદ પત્ની પાસે સુધરવાની એક તક માગતાં બંને વચ્ચે સમાધાન કરાવવામાં આવ્યું હતું.
વડોદરા શહેરમાં રહેતા દંપતીના લગ્નને આશરે 25 વર્ષ થઈ ચૂક્યા છે અને તેમને બે સંતાનો છે. પત્નીના જણાવ્યા મુજબ, છેલ્લા પાંચથી છ વર્ષથી પતિને

CALL 181
મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

અન્ય એક મહિલા સાથે પ્રેમસંબંધ છે. પતિ ફોટો સ્ટુડિયો ચલાવે છે અને સ્ટુડિયો પર શાકભાજી વેચવા આવતી એક મહિલા સાથે તેના સંબંધો બંધાયા હોવાનો પત્નીએ આક્ષેપ પણ કર્યો હતો. પત્નીએ અભયમની ટીમની મદદ માગી જણાવ્યું હતું કે, પતિ કથિત સંબંધમાં એટલા ગળાડૂબ થઈ ગયા હતા કે ઘરખર્ચ માટે પૂરતા પૈસા પણ આપતા નહોતા. મોબાઈલ પર અન્ય મહિલા સાથે સતત વાતચીત કરતા રહેતા અને પત્ની તથા પરિવારને પૂરતો સમય આપતા ન હોવાની પણ ફરિયાદ કરી હતી.
આ મામલે એક વર્ષ અગાઉ પણ પરિવારજનોએ પતિને સમજાવી દંપતી વચ્ચે સમાધાન કરાવ્યું હતું. જોકે, થોડા સમય બાદ ફરીથી આવી જ સ્થિતિ સર્જાતા પત્નીએ અંતે 181 અભયમની મદદ લેવાનું નક્કી કર્યું હતું. ફરિયાદ મળતાં અભયમની ટીમે સ્થળ પર પહોંચી પતિ સાથે વિગતવાર વાતચીત કરી હતી. ટીમે પતિને પરિવારની જવાબદારી, પત્ની અને સંતાનોના હક તેમજ બાળકોના ભવિષ્ય અંગે સમજાવ્યું હતું. અન્ય સંબંધોની પરિવાર પર થતી નકારાત્મક અસર અને સંભવિત કાયદાકીય બાબતો અંગે પણ તેને માહિતગાર કરવામાં આવ્યો હતો. અભયમની સમજાવટ બાદ પતિએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને હવે આગળથી સુધરવાનો પ્રયાસ કરવાની ખાતરી આપી હતી.

રૂ.477 કરોડના મેફેડ્રોનના જથ્થાના કેસમાં કોર્ટનુ કડક વલણ

# સિંધરોટ ડ્રગ્સની ફેક્ટરી કેસમાં શૌમીલ પાઠકના જામીન નામંજૂર

**રૂા.4.86 કરોડની** લેવડ દેવડ કરાઈ હોવાના પુરાવા પણ સામે આવ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
સિંધરોટ ગામની સીમમાં પતરાના શેડમાં ગેરકાયદેસર મેફેડ્રોનનું ઉત્પાદન અને સંગ્રહ કરવાના ચકચારી કેસમાં આરોપી શૌમીલ સુરેશચંદ્ર પાઠકને નિયમિત જામીન આપવાનો એડિશનલ સેશન્સ કોર્ટે ઈનકાર કર્યો છે. કોર્ટે નોંધ્યું કે આરોપી વિરુદ્ધ પ્રથમદર્શનીય કેસ જણાય છે અને એનડીપીએસ એક્ટની કલમ-37 હેઠળ જામીન માટેની બંને શરતો પૂર્ણ થતી નથી. પોલીસના જણાવ્યા મુજબ સિંધરોટની ફેક્ટરીમાંથી 63 કિલો 613 ગ્રામ તૈયાર મેફેડ્રોન અને 80 કિલો 260 ગ્રામ મેફેડ્રોન બનાવવાનું લિક્વિડ, કુલ કિંમત રૂ.477 કરોડનો જથ્થો મળી આવ્યો હતો. ડીજીપી અનિલ દેસાઈ દ્વારા સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે શૌમીલ પાઠક તથા સહઆરોપીઓએ તૈયાર કરેલો મેફેડ્રોનનો જથ્થો મુંબઈના અયમાન મુસાભાઈ શેખને સપ્લાય કર્યો હતો. તેના બદલામાં તા.3 માર્ચ 2021થી 18 નવેમ્બર 2022 દરમિયાન આંગડિયા મારફતે રૂ.4.86 કરોડ શૌમીલ પાઠક તથા તેના ડ્રાઈવરના નામે વડોદરા મોકલવામાં આવ્યા હતા. ઉપરાંત શૌમીલના નામે અન્ય આંગડિયા પેઢી મારફતે રૂ.5.80 લાખની લેવડદેવડ થયાની વિગતો પણ તપાસમાં સામે આવી હતી. આરોપી તરફથી એનડીપીએસ એક્ટની કલમ 42 અને અન્ય જોગવાઈઓનું પાલન ન થયું હોવાની દલીલ કરાઈ હતી. જોકે કોર્ટે આ દલીલો સ્વીકારી નહોતી. સહઆરોપીઓને અગાઉ મળેલા જામીનનો લાભ પણ હાલના આરોપીને મળી શકે નહીં, કારણ કે તેનો રોલ અલગ હોવાનું કોર્ટે નોંધ્યું હતું. અંતે શૌમીલ પાઠકની જામીન અરજી નામંજૂર કરી દેવામાં આવી હતી.

મહંમદપુરા શાળાના જર્જરિત ઓરડાઓનો મુદ્દો ફરી ગાજ્યો

# ૨ વર્ષથી ટેન્ડર પ્રક્રિયા અટકેલી રહેતા ગ્રામજનો અને વાલીઓમાં ભારે રોષ

**બાળકો ખુલ્લામાં** ભણવા મજબૂરઃ શિક્ષણ અધિકારીને ફરી લેખિત રજૂઆત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી મહંમદપુરા પ્રાથમિક શાળાના જર્જરિત ઓરડાઓનો વિવાદ ફરી એકવાર ઉગ્ર બન્યો છે. બે વર્ષ કરતા પણ વધુ સમયથી યોગ્ય શાળા મકાન વિના અભ્યાસ કરવા મજબૂર બનેલા નાના બાળકોના ભવિષ્ય અને તેમની સુરક્ષાને લઈને સ્થાનિકો તથા લોકપ્રતિનિધિઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલ સ્થિતિ એ છે કે, જર્જરિત અને ભયજનક મકાનમાં અથવા તો ખુલ્લામાં ટેમ્પરરી વ્યવસ્થા હેઠળ બાળકોને ભણાવવામાં આવી રહ્યા છે, જેને કારણે ભવિષ્યમાં કોઈ મોટી હોનારત કે અકસ્માત



સર્જાવાનો ભય સતત તોળાઈ રહ્યો છે.
સ્થાનિક આગેવાને વડોદરાના સ્થાનિક મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ અંગે અગાઉ તારીખ ૪ જૂન ૨૦૨૬ના રોજ વડોદરા શિક્ષણ વિભાગને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. તે સમયે સંબંધિત અધિકારીઓ દ્વારા એવી ખાતરી અને હૈયાધારણા આપવામાં આવી હતી કે આગામી ૩ થી ૪ મહિનામાં નવી શાળાનું મકાન તૈયાર થઈ જશે અને બાળકો સારા વાતાવરણમાં અભ્યાસ કરી શકશે. પરંતુ ખેદની વાત એ છે કે, આટલો સમય વીતી ગયા છતાં આજદિન સુધી સ્થળ પર કોઈપણ પ્રકારનું બાંધકામ કે નવી સ્કૂલનું કામ શરૂ કરવામાં આવ્યું નથી.
આ પરિસ્થિતિ અંગે તીવ્ર અસંતોષ વ્યક્ત કરતા વડોદરાના જિલ્લા શિક્ષણ અધિકારીને ફરી એકવાર નવેસરથી પત્ર સુપરત કરવામાં આવ્યો છે. તંત્ર સામે સીધો સવાલ ઉઠાવતા જણાવાયું છે કે, બે-બે વર્ષ સુધી ટેન્ડર પ્રક્રિયા જ પૂર્ણ ન થાય તે બાબત ગળે ઉતરે તેવી નથી. વડોદરા મહંમદપુરાના ગ્રામજનો અને વાલીઓ પણ બાળકોને ભયજનક મકાનમાં બેસાડીને ભણાવવાની ફરજ પડતાં ભારે આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. જો આ જર્જરિત મકાનને કારણે ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય ઘટના કે મોટો અકસ્માત સર્જાશે તો તેના માટે વડોદરાના કયા અધિકારી જવાબદાર રહેશે? તેવો તીખો પ્રશ્ન પણ શિક્ષણ વિભાગ સામે ઉઠાવવામાં આવ્યો છે.

MSUનો 75મો પદવીદાન સમારોહ

# 12,557 વિદ્યાર્થીને પદવી અપાશે ,210ને ગોલ્ડ મેડલ

23મીએ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આપશે ઉપસ્થિતિ

**ગેરહાજર** વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો સમારોહ બાદ સ્પીડ પોસ્ટથી તેમના સરનામે મોકલાશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનો 75મો વાર્ષિક પદવીદાન સમારોહ આગામી બુધવાર, તા.23 સપ્ટેમ્બરના રોજ સવારે 10.30 કલાકે યોજાશે. જેમાં 12,557 વિદ્યાર્થીઓને પદવી અને 210 તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરાશે. યુનિવર્સિટી હેડ ઓફિસ પાછળ આવેલા કમલા-રમણ વાટિકા કોન્વોકેશન ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેવા સંમતિ આપી છે. તેઓ વિદ્યાર્થીઓને સંબોધિત પણ કરશે. આ સમારોહમાં વિવિધ વિદ્યાશાખાઓના કુલ 12,557 વિદ્યાર્થીઓને સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમા અને ડોક્ટરલની પદવીઓ એનાયત કરવામાં આવશે. તેજસ્વી દેખાવ કરનારા 210 વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રકો અને ગુણવત્તા પ્રમાણપત્રો આપવામાં આવશે. નેપ અને નોન-નેપ હેઠળના 3 અને 4 વર્ષના અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરાયો છે. યુનિવર્સિટીએ જણાવ્યું છે કે ઈન પ્રેઝન્ટ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓએ રૂબરૂ હાજર રહેવું ફરજિયાત છે, જ્યારે ઈન એબસન્ટ વાળા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો સમારોહ બાદ સ્પીડ પોસ્ટથી તેમના સરનામે મોકલવામાં આવશે.

વોચમેન કે સ્ટાફ દર્દીઓ સાથે દાદાગીરી નહીં કરી શકે

# અર્બન હેલ્થ સેન્ટરોમાં સ્વચ્છતા અને સ્ટાફની હાજરી કડક કરવાનો નિર્ણય

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરા મહાનગરપાલિકા ખાતે આરોગ્ય સમિતિની એક અગત્યની બેઠક યોજાઈ હતી, જેમાં શહેરના તમામ વિસ્તારોમાં આરોગ્ય વિષયક સેવાઓ સુચારુ રીતે ચાલે અને નાગરિકોને યોગ્ય સુવિધાઓ મળે તે અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન વડોદરાના વારસિયા વિસ્તાર સહિતના વિવિધ સ્થળોએ આવેલા અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટરો ખાતે સફાઈ અને સ્વચ્છતા જાળવવા માટે સભાસદો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોને ધ્યાને લઈને આરોગ્ય સમિતિ દ્વારા તંત્રને તાકીદે પરિપત્ર જાહેર કરી તમામ અર્બન હેલ્થ સેન્ટરોમાં કાયમી ધોરણે સ્વચ્છતાનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે.
તમામ અર્બન હેલ્થ સેન્ટરોમાં



સમયપાલન અને હાજરી કડક કરાઈ આરોગ્ય સેન્ટરોની કામગીરી સુધારવા અંગે કડક વલણ અપનાવતા સમિતિએ સ્પષ્ટ કર્યું હતું કે દરેક અર્બન હેલ્થ સેન્ટર ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ અને મેડિકલ સ્ટાફે સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી ફરજિયાતપણે સ્થળ પર હાજર રહેવું પડશે. દર્દીઓની સરકારી સારવારમાં કોઈ અગવડ ન પડે તે માટે સ્ટાફે પોતાની ડ્યુટી સમયસર અને જવાબદારીપૂર્વક નિભાવવાની રહેશે. સાંજ પછી આવતા દર્દીઓ માટે પણ તબીબી સલાહ અને રિફરની વ્યવસ્થા સાંજે ૫:૦૦ વાગ્યા પછી જો કોઈ દર્દી ઈમરજન્સી કે સારવાર માટે અર્બન હેલ્થ સેન્ટર ખાતે પહોંચે, તો ત્યાં ઉપસ્થિત ટીમ દ્વારા દર્દીની પ્રાથમિક તપાસ કરવામાં આવશે. દર્દીની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેને વધુ સારવાર માટે કઈ હોસ્પિટલમાં રિફર કરવો તે અંગેની યોગ્ય સલાહ અને માર્ગદર્શન આપવાની સૂચના પણ સમિતિ દ્વારા આપવામાં આવી છે. સુરક્ષા કર્મચારીઓ અને વોચમેનને દર્દીઓ સાથે સૌજન્યપૂર્વક વર્તવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.